# પ્રાંતિજ કતપુર ટોલનાકા પર ફરી ટોલ ફીમાં વધારો

## એક તરફ સરકાર નાના ટોલબુથો માફ કરવાની વાતો કરે છે ને બીજી બાજુ ટોલ વધારો : ૬૫ ના ૭૫ થતાં વાહનચાલકોમાં રોષ

પ્રાંતિજ, તા. ૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ટોલનાકા ઉપર ફરી પાછો ટોલ ફી વધારો થતાં ત્યાંથી રોજિંદુ અપડાઉન કરતાં વાહનચાલકો તથા સ્થાનિકોમા રોષ વ્યાપી ગયો છે અને આવનાર દિવસમાં ટોલ વધારાને લઈને ફરી ટોલ ટેક્ષ ઉપર તુ..તુ..મે...મે.. જેવા પ્રશ્નો ઉભા થાય તો નવાઈ નહી.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ નજીક નેશનલ હાઈવે આઠ કતપુર પાટીયા પાસે આવેલ ટોલબુથ ઉપરા ઉપરી ટોલ વધારો ઝીંકી દેવાતા રોજીંદી પેસેન્જરો ભરીને દૈનિક રીતે અપડાઉન કરતા વાહનચાલકો પ્રાઈવેટ વાહન ચાલકો અને અઠવાડિયામાં એક બે વાર અપડાઉન કરતાં વાહનચાલકોમાં ફરી રોષ વ્યાપી ગયો છે. તા. ૧-૪-૨૦૧૫ થી નવો ભાવ એક તરફી પ્રવાસના ૪૦ અને રીટર્ન પ્રવાસના ૬૫ કરી દેતા વાહનો ફરી લાલગુમ થઈ ગયા છે. જ્યારે પહેલા ૪૫ હતા તેના ૫૫ અને ૫૫ની જગ્યાએ ૬૫ અને હવે ૭૫ થતાં આમ ઉપરાઉપરી ટોલટેક્ષમાં વધારો ઝીકી દેતા હાલ તો વાહન ચાલકોમાં ટોલ વધારેને લઈ રોષ જોવા મળી રહ્યો છે. જ્યારે નવા ભાવ ૧ લી એપ્રિલથી ૩૧-૩-૨૦૧૬ સુધી તથા સ્થાનિક બિન ધંધાકીય વ્હીલકપ માસિક પાસ લાગુ થશે જે ટોલ પ્લાઝાથી ૨૦ કિ.મી.ના અંતરકમાં આવેલ હોય તેઓના માસિક રૂ. ૨૩૦ રહેશે જ્યારે એક તરફી પ્રવાસના ૫૦ અને રિટર્ન પ્રવાસના ૭૫ જેથી પહેલા કરતાં ૧૦ રૂપિયાનો વધારો હાલતો ઝીકાયો છે. જ્યારે એક તરફ સરકાર ટોલ બુથ નાબુદ કરવાની અને માફ કરવાની વાતો કરે છે અને બીજી બાજુ ટોલટેક્ષ વધારો ઠોકી દેતા હાલ તો સ્થાનિકો અને ટોલબુથ માલિકો વચ્ચે તુ..તુ.. મે..મે.. ચાલુ થયુંછે અને આવનાર દિવસોમાં ફરી પ્રાંતિજ કતપુર ટોલબુથ ઉગ્ર સ્વરૂપ ધારણ ના થોય તો સારૂ પણ હાલ તો વાહન ચાલકો દ્વારા વધારે ટોલ પહેલા જેટલો તથા સંપૂર્ણ પણે નાબુદ થાય તેવું જણાવી રહ્યા છે. અને નહી થાય તો આવનાર સમયમાં ફરી પ્રાંતિજ ટોલ બુત ચમકશે તો નવાઈ નહી.


(તસવીર : જય અમીન, મોડાસા)

## ગરમીમાં રાહત આપતા ગુલમોહર લુપ્તતાના આરે

હાલ ઉનાળાની ધમાકેદાર શરૂઆત થઈ ગઈ છે, રોજબરોજના તાપમાનમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. આજનો માનવી આધુનિક બન્યો છે. ગરમીથી બચવા એસી, કુલર જેવા સાધનોનો ઉપયોગ કરે છે. જ્યારે પહેલાના જમાનામાં લોકો વૃક્ષોના છાયડા કે ફૂલોના ઉપયોગ કરી ગરમીથી રક્ષણ મેળવતા હતા. તેમાના એક ગુલમહોરનું વૃક્ષ ગરમીથી બચવા માટે અક્સીર ઈલાજ કહેવાતો હતો. ઋષિમુનિઓએ પણ કહ્યું છે કે ગુલમહોરના ફૂલોથી જો સ્નાન કરવામાં આવે તો ગરમી કે લુ લાગતી નથી. પરંતુ કમનસીબે ગુલમહોરના વૃક્ષો ગણ્યાગાંઠ્યા જ જોવા મળે છે. આધુનિક સમયમાં ગામડા અને શહેરના વિકાસ માટે આડેધડ વૃક્ષોનું નિકંદન કાઢવામાં આવે છે.જેમાં ગુલમહોર જેવા વૃક્ષોનું નામનિશાન નીકળી ગયું છે. ગુલમહોર જેવા અનેક ઔષધિય વનસ્પતિઓ લુપ્ત થવાના આરે છે. કદાચ આમને આમ આવી ઉપયોગી વનસ્પતિનું લુપ્ત થતી જશે તો આવનાર પેઢી માટે કદાચ ગુલમહોર એ કાગળ પર લખેલું વૃક્ષ બની રહે તો નવાઈ નહી.

# ભિલોડા મામલતદાર કચેરી જન સેવા કેન્દ્રમાં વિદ્યાર્થીઓને દાખલા મેળવવામાં ભારે હાલાકી

ભિલોડા,તા.૮

અરવલ્લી જીલ્લાના ભિલોડા મામલતદાર કચેરી,જન સેવા કેન્દ્રમાં વિદ્યાર્થીઓને આવક, જાતિ, નોનક્રિમીનલ દાખલા મેળવવા અસહ્ય કાળઝાળ ગરમીમાં ભારે મુશ્કેલીઓ સહન કરવાનો વારો આવ્યો છે. વાલીઓ અને વિદ્યાર્થીઓએ વહીવટી તંત્રની નબળી કામગીરી હોવાના કારણે ઉગ્ર રોષ ભભુકી રહ્યો છે. સંકેતભાઈ એસ.ચૌધરી અધ્યક્ષ અખિલ ભારતીય નવયુગ સંઘ અરવલ્લી જીલ્લા, યુવા લીડર અને જાગૃત પ્રજાજનો અને વિદ્યાર્થીઓ, વાલીઓના જણાવ્યા મુજબ ભિલોડા મામલતદાર કચેરી, જન સેવા કેન્દ્રમાં વિદ્યાર્થીઓને દાખલા મેળવવા માટે ધરમધક્કા ખાવા પડતા હોય છે. વિદ્યાર્થીઓ દુર-દુરથી અંતરીયાળ ડુંગરાળ ગ્રામ્યવિસ્તારોમાંથી આવતા હોવાના કારણે સમય અને નાણાંનો વ્યય અધિકારીઓની લાપરવાહીઓના કારણે થતો હોવાનું લોકમુખે ચર્ચાય છે. ભિલોડા મામલતદાર કચેરી, જન સેવા કેન્દ્રમાં અસહ્ય કાળઝાળ ગરમીના માહોલમાં પંખા પણ બંધ રહેતા હોવાના કારણે વિદ્યાર્થીઓને ગરમીમાં સેકાવવાનો વારો આવતો હોય છે.

ભિલોડા મામલતદાર કચેરી, જન સેવા કેન્દ્રમાં વિદ્યાર્થીઓ અને વાલીઓની લાંબી-લાંબી કતારો લાગતી હોય છે પરંતુ દાખલા મેળવવામાં ભારે હાલાકીઓ ભોગવવી પડતી હોય છે. ભિલોડા મામલતદાર ધ્વારા જન સેવા કેન્દ્રમાં કોમ્પ્યુટર ઓપરેટરો વધારવા જોઈએ અને વિદ્યાર્થીઓને સત્વરે સરળતાથી ઝડપી આવક અને નોનક્રિમીનલ દાખલા મળે તેવી યોગ્ય ન્યાયિક વ્યવસ્થા કરવા પ્રબળ લોકમાંગણી છે.

(તસવીર : સમીર બલોચ, મોડાસા)


## મોડાસામાં ઈંટવાડાના માલિકોને ડી.ડી.ઓ.ની નોટીસ

મોડાસા તાલુકામાં અનેક જગ્યાએ મંજુરી વગર ગેરકાયદેસર ઈંટવાડા ધમધમી રહ્યા છે. ત્યારે તાલુકા પંચાયત દ્વારા તાલુકાનો સર્વે હાથ ધરી જેણે મંજુરી નથી લીધી તેમને નોટીસો ફટકારવામાં આવી છે. ૧૦ થી વધુ ઈંટવાડાના માલિકોને નોટીસો આપી સરત ભંગની કાર્યવાહી હાથ ધરવામાં આવતા મંજુરીની પરવા કર્યા વગર ઈંટવાડા ચલાવનારામાં ફફડાટ વ્યાપી ગયો છે.મોડાસા તાલુકામાં ઠેર ઠેર બિલાડીની ટોપની જેમ ઈંટવાડા શરૂ કરી દેવામાં આવ્યા છે. જોકે ઈંટવાડા શરૂ કરતા પહેલા કેટલાક લોકોએ તંત્રની મંજુરી લીધી નથી. રોટલ્ટી ચોરી કરીને સરકારમાં ટેક્ષ ભર્યા વગર બારોબાર ઈંટોનું વેચાણ કરવામાં આવી રહ્યું છે. ઘણી જગ્યાએ તો મંજુરી કરતા અનેક ઘણા વિસ્તારમાં ઈંટો પાડી કાયદાને નેવે મુકી ઈંટવાળાના માલિકો વેપલો કરી રહ્યા છે. અને તંત્રની મંજુરી લીધા વગર કામકાજ ચાલુ કરી દીધુ હોવાનું બહાર આવતા તાલુકા પંચાયતે સર્વે કરવાની કામગીરી હાથ ધરી ૧૩ જેટલા ઈંટવાડાને નોટીસો આપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# માલપુરમાં વિકલાંગોને મદદરૂપ સાધનો અંગે નિદાન કેમ્પ યોજાયો



મોડાસા, તા. ૯

અરવલ્લી જિલ્લાના માલપુરમાં ક્ષેત્રીય વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર અમદાવાદ અને અભિલાષા ચેરીટેબલ ટ્રસ્ટ માલપુર દ્વારા અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાના વિકલાંગોને વિવિધ સાધનો અંગેના નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાના વિકલાંગોને દૈનિક જીવનમાં મદદરૂપ સાધનો અંગેના એક નિદાન કેમ્પનું આયોજન અભિલાષા ચેરીટેબલ ટ્રસ્ટ માલપુર દ્વારા શાળામાં કરવામાં આવ્યું હતું. જિલ્લાના સમાજ સુરક્ષા અધિકારી શ્રી એન.કે. પરમારની ઉપસ્થિતિમાં બન્ને જિલ્લાના ૨૦૦ થી વધુ વિકલાંગોનું નિદાન કરી યોગ્ય સાધનોની નોંધણી કરવામાં આવી હતી. આ વિકલાંગ નિદાન કેમ્પમાં માલપુરના મામલતદાર એમ.એસ. ભોઈ, બી.આર.સી. જયેન્દ્રસિંહ, જાયન્ટસ પ્રમુખ સુરેન્દ્રસિંહ, વનપંડિત દિનેશ ઉપાધ્યાય, પુષ્પાબેન (એનઆરઆઈ), સામાજીક કાર્યકર ઘનશ્યામ મહેતા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. વિકલાંગ નિદાન કેમ્પનું સફળ આયોજન રાજ્ય એવોર્ડ વિજેતા તથા ટ્રસ્ટ પ્રમુખ જીજ્ઞેશ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. વિકલાંગ નિદાન કેમ્પમાં નિદાન કરાયેલા વિકલાંગોને જરૂરીયાત પ્રમાણે વિકલાંગોને સાધનોનું વિતરણ કરવામાં આવનાર છે.

# મોડાસાના બાયલ ગામની મહિલાની છેડતી કરતાં ૪ વ્યકિતઓ સામે પોલીસ ફરિયાદ

મોડાસા, તા.૯

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકના બાયલ-ઢાખરોલ ગામ આવેલા છે જેમાં બાયલ ગામની એક મહિલાની ગામના શખ્સ દ્વારા મહિલાની આબરૂ લેવાનો પ્રયાસ કરી અઘટિત માંગણી કરી મહિલાના દિયરને માર મારતાં મહિલાએ ગામના જ ચાર શખ્સો સામે મોડાસા રૂરલ પોલિસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા બાયલ ગામમાં ચર્ચાએ જોર પકડયું છે.

મોડાસા તાલુકાના બાયલ-ઢાંખરોલ તરીકે જાણીતા બે ગામ આવેલા છે જેમાં બાયલ ગામની એક મહિલા મંગળવારે રાત્રે ૯ વાગ્યાની આસપાસ ઘરની નજીક બાંધેલા ઢોર ઢાંખરને ઘાસચારો નાખવા ગઈ હતી ત્યારે રાત્રીના અંધારાનો લાભ લઈ ગામનો જ એક શખ્સ ગૌરાંગભાઈ રાજુભાઈ પટેલ (રહે. બાયલ) એ હાથ પકડીને છેડતી કરી અઘટિત માંગણી કરતાં અચાનક થયેલા શારિરીક હુમલાથી મહિલા હેબતાઈ ગઈ હતી. અને બૂમાબૂમ કરી મુકતાં પકડાઈ જવાની બીકે આ શખ્સ ફરાર થઈ ગયો હતો. જે અંગેની જાણ મહિલાએ તેના દિયરને કરતાં દિયરે છેડતીનો પ્રયાસ કરનાર શખ્સને ઠપકો આપતાં તેની અંગત અદાવત રાખી ગેરકાયદેસર મંડળ રચી મહિલાના દિયરને અપશબ્દો બોલી, ગડદાપાટુનો માર મારી, લોખંડના પાછડા વડે હુમલો કરતાં ગામમાં ચકચાર મચી ગઈ હતી. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપતાં છેડતીના પ્રયાસનો ભોગ બનેલી મહિલાએ ગૌરાંગભાઈ રાજુભાઈ પટેલ, રાજુભાઈ નાથાભાઈ પટેલ, ચેતન રાજુભાઈ પટેલ, મુકેશભાઈ નાથાભાઈ પટેલ સામે મોડાસા રૂરલ સ્ટેશને ફરિયાદ નોંધાવતા મોડાસા તાલુકામાં ચકચાર મચી ગઈ હતી.

# સવગઢમાંથી હિરો હોન્ડા બાઈક ચોરાયું

હિંમતનગર, તા. ૯

હિંમતનગર નજીકના સવગઢ ખાતે રહેણાંક વિસ્તારમાંથી ગત સોમવારે ઘર પાસે પાર્ક કરેલુ રૂ. ૨૪ હજારની કિંમતનું બાઈક વાહનચોર ચોરી જતા તે અંગે બુધવારે ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવા પામી હતી.

વાહનચોરીની ઘટના અંગે પ્રાપ્ત વિગત અનુસાર સવગઢના વે વેઈટ હોટલ પાછળના રહેણાંક વિસ્તારમાં રહેતા મોહસીનખાન અયુબખાન પઠાણે પોતાનું હિરો હોન્ડા સ્પેન્ડર નં. જીજે-૯-એ.એલ.૯૧૦૦ સોમવારે પોતાના ઘર પાસે પાર્ક કર્યુ હતુ. રૂ. ૨૪ હજારની કિંમતના આ બાઈકની કોઈ વાહન ચોર ગઠિયો ચોરી કરી લઈ જતા વાહન માલિકે ઘટના અંગે બુધવારે હિંમતનગરના ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે મોહસીનખાન પઠાણની ફરિયાદ આધારે વાહન ચોરીની ઘટના અંગે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# મતદારયાદી શુધ્ધતા માટે ૧૨ એપ્રિલે ૧૧૯૯ બુથ પર કેમ્પ યોજાશે

હિંમતનગર, તા. ૯

ભારતીય ચૂંટણીપંચ દ્વારા સાબરકાંઠા જિલ્લામાં તા. ૧૨મી એપ્રિલે ૧૧૯૯ બુથ પર મતદારયાદી શુદ્ધતા કેમ્પનું આયોજન કરાયું છે. મતદાન સ્થળોએ સવારે ૧૦.૩૦ થી સાંજે ૫.૩૦ સુધી યોજાનાર ખાસ કેમ્પોમાં બી.એલ.ઓ. દ્વારા મતદારોને જરૂરી માર્ગદર્શન આપવામાં આવશે.

આ અંગે જિલ્લા ચૂંટણી વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ૧૨મી એપ્રિલના રોજ તમામ મતદાન સ્થળો ઉપર બુથ લેવલ ઓફીસર (બી.એલ.ઓ.) હાજર રહી મતદારોને માર્ગદર્શન આપશે. મતદારયાદીમાં કોઈ ભુલ ધ્યાને આવેતો તે સુધારવાની કાર્યવાહી માટે ફોર્મ નં. ૮ ભરાવીને તે બી.એલ.ઓ.ને પરત આપી શકાશે. મતદારો પાસે આધાર નંબરની પણ નોંધ બી.એલ.ઓ. રજીસ્ટરમાં કરશે. ઉપરાંત તા. ૧-૧-૨૦૧૫ની લાયકાતની તારીખે મતદારયાદીમાં મતદારે નામ નોંધાવેલ ન હોય તો ફોર્મ નં. ૬ ભરાવીને આધાર પુરાવા સાથે બી.એલ.ઓ. દ્વારા તે પરત મેળવાશે. મતદાર સ્થળાંતર કરી ગયેલ હોય અથવા ફોર્મ નં. ૭ ભરાવીને જરૂરી આધારપુરાવા સાથે બી.એલ.ઓ. દ્વારા પરત લેવાશે. કેમ્પની કાર્યવાહી બાદ બી.એલ.ઓ. દ્વારા તા. ૧૬ એપ્રિલથી તા. ૧૫ જૂન સુધી મતદારના ઘરની મુલાકાત લેવામાં આવશે. જે દરમિયાન બી.એલ.ઓ. રજીસ્ટરની વિગતોની મતદાર પાસેથી ચકાસણી કરાશે. મતદારયાદી શુદ્ધતા દરમિયાન લોકોએ મતદારને મુશ્કેલી હોય તો જિલ્લા ચૂંટણી કચેરીનો સંપર્ક કરી શકશે.



## સાબરકાંઠા જિલ્લા જયસ્વાલ સમાજની પાંચ દિકરીઓની મેડીકલ ક્ષેત્રે સફળતા

ગુજરાત સૌરાષ્ટ્ર જયસ્વાલ સમાજમાં સમગ્ર રાજ્યમાં સાબરકાંઠા જિલ્લાની જયસ્વાલ સમાજની પાંચ વિદ્યાર્થીનીઓએ મેડીકલ ક્ષેત્રમાં સફળતા મેળવતાં સમગ્ર જયસ્વાલ સમાજે ગૌરવની લાગણી અનુભવી હતી અને ઠેર ઠેરથી અભિનંદનની વર્ષા થઈ હતી. સમાજના પ્રથમ મહિલા તબીબ તરીકે ડૉ. જીજ્ઞેબેન ડી. જયસ્વાલે એમબીબીએસમાં સફળતા મેળવ્યા બાદ ડૉ. રીન્કુબેન એ.જયસ્વાલ તલોદ, ડૉ. દિપલબેન એચ. જયસ્વાલ, ડૉ. પંક્તિબેન પી.જયસ્વાલ, ડૉ. દિપલબેન પી.જયસ્વાલે મેડીકલ ક્ષેત્રે કારકિર્દી ઘડતાં જયસ્વાલ સમાજના પ્રમુખ ભરતભાઈ એસ. જયસ્વાલ, ઉપપ્રમુખ ડૉ. નવનીતભાઈ જયસ્વાલ, મંત્રી અરવિંદભાઈ જયસ્વાલ તેમજ સંગઠનમંત્રી આશિષભાઈ ધનવંતરીકુમાર જયસ્વાલે અભિનંદન પાઠવ્યા હતા અને સમાજની દિકરીઓ ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

# આજે મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ બનાસકાંઠા જિલ્લાની મુલાકાતે

પાલનપુર, તા. ૯

મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલના વરદહસ્તે આજે તા. ૧૦ એપ્રિલના રોજ બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા ખાતે રૂ. ૧૧૦ કરોડની દાંતીવાડા ડેમ આધારીત જૂથ પાણી પુરવઠા યોજના અને રૂ. ૪૧૮ કરોડની દાંતીવાડા-સીપુ પાઈપલાઈન યોજના મળી કુલ રૂ. ૫૨૮ કરોડની પાણીની યોજનાઓનું લોકાર્પણ કરવામાં આવશે. દાંતીવાડા ડેમ આધારીત જૂથ પાણી પુરવઠા યોજનાથી ડીસા, દાંતીવાડા, પાલનપુર અને અમીરગઢ તાલુકાના કુલ ૧૨૩ ગામ-પરાઓની ૨,૯૨,૨૬૪ વસતિને પીવાનું શુદ્ધ પાણી મળશે. તેમજ કાંકરેજ તાલુકાના ચાંગાથી દાંતીવાડા-સીપુ સધીની ૭૯ કિ.મી. લાંબી પાઈપલાઈન દ્વારા નર્મદાનું પાણી દાંતીવાડા ડેમ તથા દાંતીવાડા અને સીપુ ડેમના કમાન્ડ વિસ્તારમાં નાંખવામાં આવશે.

દાંતીવાડા ડેમ આધારીત જૂથ પાણી પુરવઠા યોજના અન્વયે દાંતીવાડા મુખ્ય હેડવર્કસ ઉપર ૪ કરોડ લીટર ક્ષમતાનો શુદ્ધિકરણ પ્લાન્ટ અને ૧૫૦ લાખ લીટર ક્ષમતાના શુદ્ધ પાણીના સંપમાંથી ઊંચી ટાંકીઓ દ્વારા યોજનાના ગામોને પાણી વિતરણ કરવામાં આવશે. આ જૂથ પાણી પુરવઠા યોજનામાં ૪૮૭ કિ.મી. લંબાઈની પાઈપલાઈન ગોઠવવામાં આવી છે.

કાંકરેજ તાલુકાના ચાંગાથી દાંતીવાડા-સુપી પાઈપલાઈનયોજના માટે રૂ. ૪૧૮ કરોડનો ખર્ચ થયો છે. આ યોજના અન્વયે ચાંગાથી દાંતીવાડા સુધી ૭૯ કિ.મી. પાઈપલાઈનમાં ૩ પમ્પીંગ સ્ટેશનો બનાવવામાં આવેલ છે. જેની કુલ ક્ષમતા ૧૯૫૦૦ કીલો વોટ છે. આ પાઈપાઈન યોજનામાં ૪૩૬ ફૂટ ઊંચાઈ સુધી એટલે કે આશરે ૪૫ માળ જેટલી ઊંચાઈના મકાન જેટલી ઊંચાઈમાં પાણીનું ઉદવહન કરી દાંતીવાડા જળાશય તથા દાંતીવાડા અને સીપુ જળાશયના કમાન્ડ વિસ્તારમાં નાંખવામાં આવનાર છે. પાઈપલાઈનની વહન શક્તિ ૩૦૦ ક્યુસેક છે. આ યોજનાથી બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા-સીપુ ડેમના કમાન્ડ વિસ્તારના ૫૬૦૦ હેક્ટરને તથા સુજલામ સુફલામ નહેર મારફત ૨૭૫૦ હેક્ટર વિસ્તારને તથા પાઈપલાઈનથી ૨૯ તળાવો ભરી ૬૫૦ હેક્ટર મળી કુલ ૯.૦૦૦ હેક્ટર વિસ્તારમાં પુરક સિંચાઈનો લાભ મળશે. આ યોજનાથી ભૂગર્ભ જળ રિચાર્જ થવાથી આસપાસના વિસ્તારમાં સિંચાઈનો આડકતરો લાભ પણ મળશે.

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧